

## આવતીકાલનો ઉજાસ



જયવીર સી પરમાર
ધોરણ-૯
સૅન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ

અભ્યાસમાં અવ્વલ એવો જયવીર એક આદર્શ વિદ્યાર્થી તો છે જ પરંતુ એ ઉપરાંત તેને ભવિષ્યના સારા ક્રિકેટર તરીકે પણ જોવામાં આવે છે. મુંબઈ-મહારાષ્ટ્રની ટીમ સામે બરોડા ખાતે યોજાયેલ મૅચમાં ઉજળો દેખાવ કરી ‘ગુજરાત અંડર-૧૪’ ટીમમાં તે પસંદગી પામ્યો છે.



ભાવાર્થ પંડ્યા
ધોરણ-૧૧
સૅન્ટ ઝેવિયર્સ સ્કૂલ

વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતો ભાવાર્થ ગણિત વિષયમાં સારી એવી કુશળતા ધરાવે છે. તેણે નેશનલ સાયન્સ ઑલિમ્પિયાડમાં ગણિત અને વિજ્ઞાન વિષયમાં ઉચ્ચ ગુણ પ્રાપ્ત કર્યા છે. આ ઉપરાંત ટીસીઍસ દ્વારા યોજાયેલ ક્વિઝ કૉમ્પીટીશનમાં ઉત્કૃષ્ટ દેખાવ કરી તેણે શાળાને ગૌરવ અપાવ્યું છે.

# સેવાકીય ક્ષેત્રે મુઠી ઉંચેરુ નામ...- જુસિકા

ગાંધીનગરમાં બાળકોની બાલકન-જી-બારીથી માંડી સીનિયર સીટીઝન સુધીની ૨૫૦ ઉપરાંત સંસ્થાઓ પાટનગરની સામાજિક, સાંસ્કૃતિક અને રાજકીય ઓળખ જીવંત રાખવા કાર્યરત છે. આ સંસ્થાઓનો પ્રસંગોપાત પરિચય કેળવીશું.! સૌ પ્રથમ સેવાકીય ક્ષેત્રે જેનું મુઠી ઉંચેરુ નામ છે એ ‘ જુનિયર સીટીઝન કાઉન્સીલ’ જેનું સંચાલન માત્ર યુવાનો કરે છે તેનો પરિચય મેળવીએ. આ સંસ્થાની સૌથી મોટી સેવા ‘અંતિમ ધામ ’ને યાત્રાધામ બનાવી આ ઉપેક્ષિત સ્થળને દર્શનીય સ્થળ બનાવવામાં મહત્વનું યોગદાન છે. ગાંધીનગર જિલ્લામાં ક્યાંય પણ બિનવારસી લાશ કીડાથી ખદબદતી અને ગંધાતી હોય તેને ઉપાડી તેના ધર્મ પ્રમાણે અંતિમ વિધિ કરાવી એના આત્માની શાંતિ માટે પ્રાર્થના તેમજ શ્રાદ્ધ પક્ષમાં શ્રાદ્ધ વિધિ કરાવી તેનું તર્પણ કરવાનું કામ આ સંસ્થા જ કરી શકે. આજ સુધી ૫૦૦ ઉપરાંત બિનવારસી લાશોના અંતિમ સંસ્કાર જુસિકાએ કરાવ્યા છે. આ સંસ્થા તરફથી અંતિમ સંસ્કારના સામાનની કીટ પણ વિના મૂલ્યે આપવામાં આવે છે. વિશેષમાં ઓબઝર્વેશન હોમના કે બહેરા મુંગા બાળકોને પ્રવાસ, બુટ, મોજા, સ્વેટરનું પણ વિતરણ કરી તથા વૃદ્ધાશ્રમના વડીલોના આરોગ્યની દેખભાળ રાખી તેમની મેડીકલ ટ્રીટમેન્ટની વ્યવસ્થા પણ કરવામાં આવે છે. એક દર્દીની બંને કીડની ફેઈલ થતાં આર્થિક સહાય માટે તેણે જુસિકા સામે રાવ નાખી અને આ સંસ્થાએ તેને આર્થિક સહાય કરી નવજીવન બક્ષ્યું. વિકલાંગ અને અપંગ બંધુઓ માટે જુસિકા આશાનું કિરણ છે. અહિં તેમના હૈયાને હાશકારો મળે છે. દર્દીને આરોગ્ય સુરક્ષાના સાધનો ફકત ડિપોઝીટ લઈને અપાય છે. સાધન પરત તો ડિપોઝીટ પરત. જુસિકાના હૈયે માનવ સેવાની એવી તો લગની લાગી છે કે ક્યાંય પણ કુદરતી આફત આવે, કોમી રમખાણોની વાવડ મળે, અતિવૃષ્ટિ કે પૂર હોનારતમાં મદદની પોકાર ઉઠે, અક્ષરધામનો આતંકી હુમલો થયો કે અમદાવાદના શ્રેણીબંધ બોંબ ધડાકા હોય, જુસિકાના સૈનિકો પોત પોતાની ગાડીઓ લઈને નીકળી પડે અને દિવસ -રાત જોયા વિના માનવતાના મહાયજ્ઞમાં આહુતિ આપી સૌના ચહેરા પર મુસ્કાન લાવી ગાંધીનગર પરત આવી જાય. સંસ્થાના પ્રમુખશ્રી કમલ ચૌધરી જણાવે છે કે,

**‘મરુ પણ માગુ નહિ**
**અપને તન કે કાજ,**
**પરમારથને કારણે**
**મને માગતા ન આવે લાજ ’**

ચક્ષુદાન કે રક્તદાન કેમ્પમાં એમ્બ્યુલન્સ સેવાઓ આપવામાં તિજોરીનું તળીયું દેખાય ત્યારે દાતાઓ પાસે હાથ લંબાવતા અમને જરાય સંકોચ થતો નથી. અને પરમાત્માએ અમારો આર્તનાદ ના સાંભળ્યો હોય તેવું ક્યારેય બન્યું નથી. ૨૦૦૧ના કચ્છ ભૂકંપ વખતે અનાજની તેમજ અન્ય ઘરવખરીની ૩૪ ટ્રકો ભરીને અસરગ્રસ્તોને પહોંચાડી ત્યારે અમને લાગ્યું કે જિંદગીમાં અમે કંઈક તો સદ્‌કાર્ય કર્યું ? જીવનની પ્રત્યેક પળ માનવસેવામાં વપરાય તે અમારું અહોભાગ્ય છે. આ સંસ્થા ગાંધીનગર સિવિલ હોસ્પિટલના કંપાઉન્ડમાં ૨૪ કલાક સેવાઓ આપે છે. અને કોઈ અપેક્ષા રાખ્યા સિવાય કેવળ પરમાત્માનો ડર રાખી સેવાની સાધના કરે છે. છતાં કોઈ વાંક દેખાએ માહિતી અધિકારીના કાયદા અન્વયે અરજી કરી જુસિકાને સિવિલ તરફથી કાર્યાલય માટે અપાયેલી જગ્યા પરત લેવા કાર્યવાહી કરી જો કે દીન દુખિયાઓના આર્શિવાદ રંગ લાવ્યા અને આ મેલી મુરાદ બર ના આવી શકી. સાચે જ જુનિયર સીટીઝન કાઉન્સીલે સામાજિક ક્ષેત્રે નવા શિખરો સર કર્યા છે. માનવતાની નવી જ વ્યાખ્યા ઉજાગર કરી છે. યુવાનો સંકલ્પ કરે તો માર્ગમાં આવતા પત્થરની પણ પ્રતિમા બનાવી શકે. ઝંઝાવાતોને પણ સદ્‌ભાવનામાં પલટી શકે તે સિધ્ધ કરી બતાવ્યું છે. જુસિકા ઝિંદાબાદ... !!!

**- પોપટલાલ એસ. પ્રજાપતિ**

## ‘મા’ તારો મહિમા અપરંપાર

- માતૃદેવ ભવ - માતાને દેવ સમાન માનો. **- ઋગ્વેદ**
- નાસ્તિ માતૃસમો ગુરુ - માતા સમાન કોઈ ગુરુ નથી. **- ઉપનિષદ**
- જનની અને જન્મભૂમિ સ્વર્ગથી ય અધિક ચડિયાતાં છે. **- રામાયણ**
- જેનાથી માતા પ્રસન્ન થાય છે તેનાતી આખી પૃથ્વી પ્રસન્ન થાય છે. **- મહાભારત**
- સૂર્ય, ચંદ્ર અને તારાઓથી નહી પણ માતાના તેજથી આ પૃથ્વી ઉપરનો અંધકાર દૂર થાય છે. **- વિદુરનીતિ**
- માતા માનવજીવનનું પવિત્ર ગંગાજળ છે. **- ચાણક્ય નીતિ**
- માતાની પૂજા વગર પૂજા વ્યર્થ છે. **- યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ**
- ૧૦ ઉપાધ્યાય, ૧૦૦ આચાર્ય : ૧૦૦૦ પિતા બરાબર ૧ મા છે. **- મનુસ્મૃતિ**
- ‘મા’ - ની પ્રદક્ષિણા એ સમગ્ર પૃથ્વીની પ્રદશિણા બરાબર છે. **- ગણેશ પુરાણ**
- પુત્ર કુપુત્ર થાય છે પણ માતા કદી કુમાતા નથી થતી. **- જગદગુરુ શંકરાચાર્ય**
- માની ગોદમાં જે સુખશાંતિ મળે છે તે ચાર વેદોથી પણ નથી મળતી. **- મહર્ષિ પારાશર**
- તારું સ્વર્ગ તારી માતાના ચરણોમાં છે. **- મહંમદ પયગમ્બર**
- જેણે માતાને જાણી તેણે ભગવાનને જાણ્યા. **- સંત વેમન**
- સૌથી પહેલો અને સૌતી વધુ બોલાતો એક જ શબ્દ છે : મા **- સ્વામી રામતીર્થ**
- જો પિતા આકાશથી ઊંચા છે તો માતા પૃથ્વીથી પણ વિશાળ છે. **- યુધિષ્ઠિર**
- દુનિયાની તમામ ભાષાઓમાં ‘મા’ - નો ‘મા’ - જ થાય છે. **- રવિન્દ્રનાથ ટાગોર**
- મા - એક એવી ઋતુ છે જેમાં કદી પાનખર ઋતુ હોતી જ નથી. **- અજ્ઞાત**
- માતાનો ખોળો એ તો પ્રેમની યુનિવર્સિટી છે. **- ગુણવંત શાહ**
- ત્યાગીને ભોગવી જાણવાનું એક માતા જ જાણે છે. **- ઉમાશંકર જોશી**
- મુખથી બોલું મા ત્યારે સાચે જે બચપણ સાંભરે<br>પછી મોટપણથી મજા બધી કડવી લાગે કાગડા. **- દુલા ભાયા કાગ**
- લાખો કમાતા હો ભલે, માબાપ જેથી ના ઠર્યા;<br>એ લાખ નહિ પણ રાખ છે, એ માનવું ભૂલશો નહીં **- પુનિત મહારાજ**
- ઉપર જિસકા અંત નહીં, ઉસે આસમાન કહતે હૈ;<br>જહાં મેં જિસકા અંત નહીં ઉસે ‘મા’ કહતે હૈ.
- ચાહે લાખો કમાલો, ચાહે કરોડો ભી કમા લેના;<br>જિસને માતા કો નહીં જીતા ધિક્કાર હૈ ઉસકા જીના
- ચાહે લાખ કરો તુમ પૂજા ઔર તીરથ કરો હજાર;<br>મગર માબાપ કો ઠુકરાયા તો સબકુછ હૈ બેકાર.
- જિન્હેં શક હૈ વૉ કરે ઔર ખુદાઓંકી તલાશ;<br>હમ તો મા-બાપ કો દુનિયાકા ખુદા કહતે હૈ.
- મા વગરનું ઘર અને ઘર વગરની મા - આ બે બાબતો દુનિયાની કરૂણમાં કરુણ બાબત છે.
- દીકરો તરછોડે અને દીકરી ઘર છોડે ત્યારે ખૂબ જ રડે તે મા.
- જે મસ્તી હોય છે આંખોમાં, તે મદિરાલયમાં નથી હોતી;<br>અમીરી કોઈ અંતરની, મોટા મહાલયમાં નથી હોતી,<br>શીતળતા પામવાને માનવી તું દોટ કયાં કયાં મૂકે છે?<br>જે ‘મા’ - ની ગોદમાં હોય છે તે હિમાલયમાં નથી હોતી. **- સુરેન ઠાકર**
- માતાનું ઋણ ખુદ ભગવાન ચૂકવવા જાય ને તો એ પણ દેવાળીયો થઈ જાય!

## હેમચંદ્રચાર્ય ઉત્તર ગુજરાત યુનિ.માં પ્રથમ વર્ષ બી.એસ.સી. પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૨

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાનની કોલેજોમાં શૈક્ષણિક વર્ષ-૨૦૧૨-૧૩ માટે પ્રથમ વર્ષ બી.એસ.સી.માં પ્રવેશ પ્રવિધિ કાર્યક્રમ શરૂ થઈ ગયો છે.

પ્રવેશ ફોર્મ ધોરણ-૧૨ના પરિણામ જાહેર થયાથી ૧૦ દિવસ સુધી ભરાશે. પ્રવેશ ફોર્મ ભરવાની છેલ્લી તારીખથી પાંચ દિવસમાં મેરીટ યાદી અને પ્રવેશ યાદી પ્રસિદ્ધિ કરાશે એમ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના નાયબ કુલસચિવે એક અખબારી યાદીમાં જણાવ્યું છે.





## આર્ટ ઓફ લીવીંગ સંસ્થા દ્વારા વિવિધ કાર્યક્રમ યોજાયા

આર્ટ ઓફ લીવીંગ સંસ્થાનો તાજેતરમાં ૮ થી ૧૨ વર્ષ અને ૧૩ થી ૨૦ વર્ષની ઉંમરના યુવાઓ માટેનો યશ કોર્ષ અને આર્ટ એક્સલ કોર્ષ યોજાયો હતો. જેમાં ૨૮ બાળકો અને યુવાનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આજે તા. ૧૩મી મે-૨૦૧૨ના રોજ રવિશંકરજીનો જન્મદિન હોવાથી સવારે ૭.૩૦ કલાકે સાધના અને સાંજે ૮.૩૦ કલાકે સત્સંગનો કાર્યક્રમ સત્સંગ બલરામભવન, સેક્ટર-૧૨ ખાતે યોજાશે.

યસ કોર્ષ અને આર્ટ એક્સલ કોર્ષ દરમિયાન પ્રશિક્ષણાર્થીઓને સરળ ધ્યાન, પ્રાણાયામ અને ચિલ્ડ્રન ક્રિયા, સુદર્શન ક્રિયા સાથે વિવિધ રમતો કરાવવામાં આવી હતી. શારીરિક અને માનસિક શક્તિ ખિલવે તેવા કાર્યક્રમો કરવામાં આવ્યા હતા. સમગ્ર કોર્ષનું કુસુમબેન જોષી અને સુરેશભાઈ પરમારે સંચાલન કર્યું હતું. આગામી તા. ૧૫મી મે થી ૨૦મી મે દરમિયાન સવારે ૬.૩૦ થી ૯ અને સાંજે ૪ થી ૬.૩૦ તથા ૭ થી ૯.૩૦ દરમિયાન બીજો માળ, મેઘ મલ્હાર કોમ્પલેક્ષ, સેક્ટર-૧૧, ગાંધીનગર ખાતે બેઝીક કોર્ષનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો નગરના સૌ મિત્રો લાભ લઈ શકશે.

## તેજસ્વી મુસ્લિમ વિદ્યાર્થીઓને વકફ બોર્ડ દ્વારા પુરસ્કાર અર્પણ

ગાંધીનગર, તા.૧૨

ગુજરાત રાજય વકફ બોર્ડ, ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૧૧માં મુસ્લિમ સમાજનાં તેજસ્વી વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને પુરસ્કારરૂપે ઈનામના ચેકો રવાના કરવામાં આવી રહ્યા છે. વર્ષ ૨૦૧૧માં ધોરણ-૧૦માં ૮૫ ટકા ગુણ મેળવનાર ૩૪૬ વિદ્યાર્થી અને ૮૦ ટકા ગુણ મેળવનાર ૮૮૦ વિદ્યાર્થીનીઓ મળીને કુલ ૧૨૨૬ તેજસ્વી વિદ્યાર્થીઓને રૂ. ૩૦૦૦નો ચેક તથા ધોરણ-૧૨માં ૮૦ ટકા ગુણ મેળવનાર ૧૧૩ વિદ્યાર્થીઓ અને ૭૫ ટકા ગુણ મેળવનાર ૪૯૭ વિદ્યાર્થીનીઓ મળીને કુલ ૬૧૦ તેજસ્વી વિદ્યાર્થીઓને રૂ. ૪૦૦૦ના ચેક રવાના કરવામાં આવી રહ્યા છે.

ગુજરાત રાજય વકફ બોર્ડના અધ્યક્ષશ્રી એ.આઈ. સૈયદ જણાવે છે કે ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી દ્વારા તેજસ્વી મુસ્લિમ વિદ્યાર્થીઓને આપવામાં આવેલ ‘શુભેચ્છા સંદેશ’ પણ દરેક ચેકની સાથે મોકલવામાં આવેલ છે. મુસ્લિમ સમાજના જે વિદ્યાર્થીઓ કે જેમને આ પુરસ્કાર માટે ફોર્મ ભરેલ હોય પરંતુ પુરસ્કારનો ચેક ન મળે તો તા. ૩૧-૫-૨૦૧૨ પછી ગુજરાત રાજય વકફ બોર્ડ બ્લોક નં. ૮, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરનો રૂબરૂ સંપર્ક સાધવો અથવા કચેરીના ટેલીફોન નં. ૨૩૨૫૩૩૯૭ ઉપર સંપર્ક સાધવા જણાવાયું છે.

## ગુજ. યુનિ.ના કે.એસ. સ્કૂલ ઓફ મેનેજમેન્ટ ભવન ઘટનામાં પરીક્ષા નિયામકની તપાસ

અમદાવાદ, તા.૧૨

ગુજરાત યુનિવર્સિટીના કે.એસ. સ્કૂલ ઓફ મેનેજમેન્ટ ભવનમાં ગઈકાલે મેરીટાઈમ ઈકોનોમીક્સના પેપરમાં એક વિદ્યાર્થી અલગ રૂમમાં પરીક્ષા આપતા હોવાની વિગતો જાહેર થયા બાદ આજે કુલપતિએ સમગ્ર મામલાની તપાસ પરીક્ષા નિયામકને સોંપી છે. ગઈકાલે એમબીએના મેરીટાઈમ મેનેજમેન્ટના પાર્ટ-૧, બીજા સેમેસ્ટરની પરીક્ષામાં મેરીટાઈમ ઈકોનોમીકનું પેપર હતું. આ પરીક્ષા ૫મી મેથી શરૂ થઈ છે. પરીક્ષામાં એક વિદ્યાર્થી ગંધા સંજય પી. છેલ્લા ત્રણ દિવસથી પેપર આપતો હતો. આ વિદ્યાર્થી અવાજથી પરેશાન થતો હોવાથી તેને અલગ પરીક્ષા આપવા બેસાડ્યો હોવાનું સત્તાવાળાઓએ જણાવ્યું હતું. પરંતુ સત્તાવાળાઓએ પત્રકારોની હાજરીમાં આ વિદ્યાર્થી પાસે રિસીપ્ટ કે આઈ કાર્ડ માંગતા મળ્યુ ન હતુ તેમ છતાં તેને પરીક્ષા આપવા દિધી હતી.

## ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન સાયન્સ કોલેજોમાં ૧૫થી પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાશે

અમદાવાદ, તા.૧૨

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન સાયન્સ કોલેજોમાં તા.૧૫થી ૨૪ મે દરમિયાન પ્રવેશ પ્રક્રિયા શરૂ થવાની શક્યતા છે. ધો.૧૨ સાયન્સનું પરિણામ જાહેર થઈ ગયું છે. વિદ્યાર્થીઓને ૧૪મી મેના રોજ માર્કશીટ મળી જશે. બીજી બાજુ એન્જિનીયરીંગ અને ફાર્મસીમાં પ્રવેશ માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે જ્યારે ગુજ. યુનિ. સાયન્સ કોલેજોમાં તા.૧૫થી ૨૪ મે દરમિયાન પ્રવેશ પ્રક્રિયા શરુ થવાની છે.

ચાલુ વર્ષે એફવાય બીએસસીમાં સેમીસ્ટર સિસ્ટમ અમલ શરૂ થઈ ગઈ છે પરંતુ યુનિવર્સિટીના આડેધડ આયોજનને કારણે ધાર્મિક શૈક્ષણિક કેલેન્ડરની તારીખોમાં ફેરબદલ થઈ ગયો છે. ચાલુ વર્ષે એફવાય બીએસસીમા સેમીસ્ટર સિસ્ટમનો અમલ તો શરુ થઈ ગયો પરંતુ યુનિવર્સિટીના આડેધડ આયોજનને કારણે વાર્ષિક શૈક્ષણિક કેલેન્ડરની તારીખો સચવાતી નથી. જેના કારણે યુનિવર્સિટી દ્વારા ચાલુ વર્ષે પ્રવેશ પ્રક્રિયા મોડી શરૂ કરવામાં આવી રહી હોવાનું જાણવા મળ્યું છે.

# ઈજનેરી અને ફાર્મસી પ્રવેશમાં કોમ્પ્યુટરના માર્ક ગણવા માંગ

### કેમેસ્ટ્રી-કોમ્પ્યુટર બેમાંથી એક વિષયના માર્ક ગણવાથી ૨૦૦૦ વિદ્યાર્થીઓ પ્રવેશ માટે લાયકાતમાં ઉમેરાઇ શકે

અમદાવાદ, તા.૧૨

ચાલુ વર્ષે ધો.૧૨ સાયન્સનું પરિણામ ગત વર્ષ કરતા નીચું આવ્યું છે અને કેમેસ્ટ્રીમાં પણ ૨૯ હજાર જેટલા વિદ્યાર્થીઓ ઉત્તરપ્રદેશની જેમ ગુજરાતમાં પણ ઈજનેરીઓ ફાર્મસીના અભ્યાસક્રમોની પ્રવેશ પ્રક્રિયમાં કેમેસ્ટ્રી અથવા કોમ્પ્યુટર વિષયમાંથી કોઈપણ એક વિષયના ગુણ ગણાય તેવી માંગણી ઉઠવા પામી છે. જો રાજ્ય સરકાર આ માંગણી સ્વીકારી લે તો આશરે ૨૦૦૦ વિદ્યાર્થીઓ પ્રવેશની લઘુત્તમ લાયકાતમાં ઉમેરાઈ શકે છે.

રાજ્ય શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૨ સાયન્સનું જાહેર કરાયેલું પરિણામ ગતવર્ષ કરતા નીચુ છે. આ વર્ષે કેમેસ્ટ્રીમાં પણ ૨૯ હજાર જેટલા વિદ્યાર્થીઓ નાપાસ પણ થયા છે. બીજીબાજુ એસીપીસી દ્વારા ઈજનેરી અને ફાર્મસીમાં પ્રવેશ પ્રક્રિયા શરુ થઈ ગઈ છે.

ગુજરાત સરકારે કરેલી જોગવાઈ અંતગર્ત ઈજનેરી અને ફાર્મસીની પ્રવેશ પ્રક્રિયામાં મુખ્ય ત્રણ વિષય મેથ્સ ફિઝીક્સ અને કેમેસ્ટ્રીના ગુણ ગણવામાં આવે છે. જ્યારે રાજસ્થાન અને ઉત્તરપ્રદેશ રાજ્યમાં ઉપરોક્ત ત્રણ વિષયની સાથે કેમેસ્ટ્રી અથવા કોમ્પ્યુટર વિષયમાંથી કોઈપણ એક વિષયના ગુણ ગણવામાં આવે છે.

એઆઈસીટીઈના નિયમ મુજબ કેમેસ્ટ્રીય અથવા કોમ્પ્યુટર વિષયમાંથી કોઈપણ એક વિષયના ગુણ ગણી શકાય છે પરંતુ રાજ્ય સરકારે કરેલી જોગવાઈ મુજબ કોમ્પ્યુટરના ગુણ ગણી શકાતા નથી. ફક્ત કેમેસ્ટ્રીના જ ગુણ ધ્યાનમાં લેવાય છે. સૂત્રો કહે છે કે ઉચ્ચશિક્ષણ અધિકારીઓને આ વિસંગતતા અંગે કોઈ જાણ નથી જેથી હજી સુધી અમલ કર્યો નથી.

પરંતુ રાજ્ય સરકારે રસ લઈને કેમેસ્ટ્રી અથવા કોમ્પ્યુટરમાંથી કોઈપણ એક વિષયના ગુણન ગણતરીમાં લે તો કેમેસ્ટ્રીમા બોર્ડર પર ગુણ ધરાવનાર વિદ્યાર્થીને ફાયદો થઈ શકે છે અને તેના કારણે વિદ્યાર્થીના કુલ ગુણમાં પણ વધારો થઈ શકે છે.

## માતૃવંદના
## મા - કોઇની મરશો નહિ

અહો! વાત્સલ્યની મૂર્તિ, મા - કોટિ વંદન તને કરું;
તારા એક જ તુંકારે, હું, તારા માટે સો સો વાર મરું.
આ જગતમાં કયારેય, કોઈ મા વગર જન્મ્યુ છે ખરું?
અરે! કોઈ તો બતાવ, માની તુલના હું કોની સાથે કરું?
જગત આખાની મળે દોલત, મા વગર હું ના ઠરું;
માના ચરણોમાં હું, સર્વસ્વ મારું, ન્યોછાવર કરું.
મા વગરનું ઘર અને ઘર વગરની મા, દશ્ય છે આકરું;
થવા દેશો નહીં કદી આવું, ખુબ રહેશે તમારી આબરૂ.
ઋણ ઉતારું મા કઈ રીતે? કાલાવાલા કરું ને કરગરું;
ભગવાન પણ દેવાળિયો બને, ત્યાં ગજું શું છે મારું?
માને પ્રણામ, વંદન, નમસ્કારને ચરણમાં પ્રાર્થના કરું;
જનની તો સ્વર્ગથી યે ચડે, એ મંત્રનું સદા હું ધ્યાન ઘરું.
કૃષ્ણની જશોદા, ને રામની કૌશલ્યા માતને વંદન કરું;
ઓ મારી માડી, તારી આંખમાં, હું ત્રિલોકનાં દર્શન કરું.
‘માતૃ દિવસે’ પ્રભુ પાસે, હું એક વરદાન માગું;
મા - કોઈની મરશો નહિ, હું બાળક બીજું તો શું માગું?

**- સંકલન : પી. એમ. પરમાર (દર્શન)**

# વાણીથી દૂષિત થયેલું કર્મ શ્રધ્ધાના બળથી સુધારી શકાય છે પણ શ્રધ્ધાથી દૂષિત કર્મ ક્યારેય સુધારી શકાતું નથી

**યદેવ વિદ્યયા કરોતિ, શ્રધ્ધયા કરોતી,**
**ઉપનિષદા, તદૈવ વીર્યવત્તર ભવતિ**
**- છાંદોગ્ય ઉપનિષદ**

‘જે કર્મો જ્ઞાનપૂર્વક, શ્રદ્ધાપૂર્વક તથા ભક્તિભાવે કરાય તે કર્મો દિવ્ય-પ્રભાવક બને છે.’

આસકતથી તથા અનાસક્તથી થતાં કર્મો અંગે તથા કર્મબંધન અંગેની મીમાંસા આપણે ત્યાં દરેક શાસ્ત્રમાં છે. પરંતુ છાંદોગ્ય ઉપનિષદના ઋષિની દૃષ્ટિ સાવ અલગ છે. તેઓ કર્મફળ કે કર્મ બંધનની લયમાં નથી પડતા. કર્મને કારણે આ લોકમાં કે પરલોકમાં ઉત્તમ ગતિ થશે તેવું પ્રલોભન પણ નથી આપતા. તેમની દૃષ્ટિ તો કર્મ કેવી રીતે શ્રેષ્ઠ બને તે પરત્વે છે. કર્મ તો આપણે લમણે લખાયેલો બોઝો છે જ. તેને હસતાં હસતાં ઉપાડવો કે રડતાં-રડતાં તે વ્યક્તિ પર આધાર રાખે છે. કર્મને વેઠ સમજી જેમ-તેમ કરી નાખવું કે પછી કર્મ યોગ્ય રીતે કરવાથી જ અનોખી સિદ્ધિ મળશે તેમ જાણી કુશળતાપૂર્વક કર્મ કરવું... આ બંને માર્ગ વ્યક્તિ સમક્ષ પડેલા છે. આપણું કર્મ ઉત્તમ અને વીર્યવંત કેવી રીતે થઈ શકે તેનો માર્ગ આ સૂત્રમાં ઋષિ બતાવે છે.

કર્મનો અર્થ માત્ર ધાર્મિક ક્રિયાકાંડો, યજ્ઞાદિ કે પછી સત્સંત પૂરતો સીમિત નથી. કર્મ શબ્દમાં સંસાર, વ્યવહાર ચલાવવામાં આપણે શીરે આવતી તમામ જવાબદારીઓનો સમાવેશ થઈ જાય છે. ‘માણસ એક ક્ષણ પણ કર્મ કર્યા વિના રહી શકતો નથી.’

ગીતાવાક્ય જ કર્મનો વ્યાપક અર્થ નિર્દેશે છે. આપણાં દૈનિક કાર્યો પણ જ્ઞાનપૂર્વક, શ્રદ્ધાપૂર્વક તથા ભક્તિભાવે થવાં જોઈએ તેવો ઋષિનો આગ્રહ છે.

**જ્ઞાનપૂર્વક કર્મ**

કદાચ તમને પ્રશ્ન થાય કે જ્ઞાનપૂર્વક કર્મ કરવું એટલે શું ? કોઈપણ કર્મ કરતાં પહેલાં તેનતેત પુરેપુરું સમજી લેવું, કાર્યનું યોગ્ય આયોજન કરવું, તેનાં વિવિધ પાસાઓ પર વિચારણા કરવી, યોગ્ય સમયે કર્મનો પ્રારંભ કરવો ઈત્યાદિ બાબતો જ્ઞાનપૂર્વક કર્મના ક્ષેત્રમાં આવે. ભગવાન શ્રીકૃષ્ણે કર્મને યોગનો દરજ્જો આપ્યો છે. ‘યોગઃ કર્મસુ કૌશલમ્’ અર્થાત્ ‘કર્મમાં કુશળતા એ યોગ છે.’ કર્મ ચૉકસાઈથી, ચીવટાઈથી કુશળતાપૂર્વક કરવું જોઈએ. કર્મ નિષ્ઠાને ધાર્મિક વ્રત પાલન જેટલું મહત્ત્વ આપવું જોઈએ. આજે તો સમાજના વિવિધ સ્તરે કર્મ નિષ્ઠાનો અભાવ વર્તાય છે. જેમતેમ કરી કામ કરી નાખવું યા તો ટાળી દેવું તેવી મનોદશા વ્યાપક બનતી જાય છે. ત્યારે જો આપણે ‘સ્વ’ પ્રતિ વફાદાર હોઈએ તો કર્મ પ્રતિ પણ વફાદાર રહેવું જોઈએ. આપણું કામ પ્રાણ રેડીને ઉત્તમ થાય તેવી જ ઈચ્છા ધરાવવી જોઈએ. પ્રાણ રેડીને જે પણ કર્મ થાય તે અર્થપૂર્ણ તથા રસપૂર્ણ થાય છે. અને રસપૂર્વક કરાતાં કાર્યોમાં ક્યારેય કંટાળો આવતો નથી. પોતાનાં સંતાનો માટે રાત-દિવસ શ્રમ કરતી માતા ક્યારેય કંટાળતી કે થાકતી નથી.

જ્ઞાનપૂર્વક કરાયેલું કર્મ

**સંસ્કાર ચિંતન**
**- અનંતરાય ન વ્યાસ**

વ્યક્તિને પ્રગતિના પંથે ચડાવે છે. સ્વ. શ્રી ધીરુભાઈ અંબામી તથા શ્રીયુત કરસનભાઈ પટેલનાં ઉદાહરણો આપણી સમક્ષ પડ્યા છે. ‘એન્મેલો’ના કથન પ્રમાણે તો ‘આજના સાહસિક ઉદ્યોગપતિઓ ગઈકાલના દાડી કરતા છોકરા હતા.’ પોતાના કાર્ય પ્રત્યેનો ઉત્સાહ, ધગશ અને કર્મનિષ્ઠાથી તેઓ ઉચ્ચ સ્થાને પહોંચ્યા છે. લોકો વ્યક્તિનતે નહિ પણ તેનાં કાર્યોને વખાણે છે. અને તેના પરથી વ્યક્તિની કિંમત આંકે છે.

જ્ઞાનપૂર્વક થતા કાર્યમાં પ્રથમ સોપાન વિચાર છે. ‘કાર્ય કરતા પહેલાં વિચારવું તે બુધ્ધિમત્તા છે. પણ કાર્ય થઈ ગયા પછી પસ્તાવું એ મૂર્ખતા છે.’ પોતે જે સ્થાન પર હોય - ગમે તેવી નાની-મોટી જવાબદારીને સંભાળતા હોય, ત્યારે પોતાનીથી ઊંચા કે નીચા સ્થાનથી હતાશ-નિરાશ થઈ કર્મ પરત્વે ઉદાસીન ન થવું જોઈએ. કામમાં નિષ્ઠાનો અભાવ વર્તાય તો કાર્ય બગડે જ. નિષ્ઠાવંતોને ભગવાને વચન આપ્યું છે, ‘સ્વે સ્વે કર્માણિ અભિરતઃ સંસિદ્ધિં લભતે નરઃ।’ ‘પોતાની સ્વાભાવિક પ્રવૃત્તિમાં જોડાયેલી વ્યક્તિ સિદ્ધિ પ્રાપ્ત કરે છે.’ જે વ્યક્તિ પોતાનું કાર્ય પ્રેમપૂર્વક કરે છે, નિષ્ઠાપૂર્વક કરે છે તેને પોતાનાં કાર્યોમાંથી જ પરમ આનંદની પ્રાપ્તિ થાય છે. અને આનંદની પ્રાપ્તિ એ તો જીવનનું લક્ષ્ય છે જ. માટે કર્મ પરત્વે બેદરકાર ન થવું, ઉદાસિન ન બનવું.

જ્ઞાનપૂર્વક કર્મનું અન્ય પાસું સમયબદ્ધતા છે. નિયત સમયમાં જો તમે તમને સોંપાયેલ કાર્ય પુરું કરી શકો તો તમારી નામના વધે છે. કોઈપણ કાર્યને વગર કારણે લંબાવ્યે જવું, આવતીકાલ પર ઠેલ્યે જવું કે પછી કાર્ય અધવચ્ચે છોડી દેવું - આ ત્રણે બાબતો કર્મમાં હાનિકારક છે. ગીતાજીમાં દીર્ઘસૂત્રી કર્તાને ‘તામસ’ કહ્યો છે. સમાજ તમારા પ્રતિ અવિશ્વાસની નજરે જુએ છે. માત્ર આળશ કે કંટાળાના કારણે નાનકડા કાર્યને પણ જો ઠેલી દેવાય તો ડૉ. બોઝ જેમ એક જબરી સિદ્ધિ હાથથી સરી જાય તેવું પણ બની શકે.

**શ્રધ્ધાપૂર્વક કર્મ**

કર્મ પૂરતી શ્રધ્ધા સાથે કરો. કર્મ વીર્યવાન, બળવત્તર ત્યારે જ બને જ્યારે તેના પાયામાં શ્રધ્ધાનું જળ સિંચાયું હોય. શ્રુતિ વચન છે કે, ‘વાણીથી દૂષિત થયેલું કર્મ શ્રધ્ધાના બળથી સુધારી શકાય છે. પણ શ્રધ્ધાથી દૂષિત કર્મ ક્યારેય સુધારી શકાતું નથી.’ ભગવાન શ્રીકૃષ્ણ પણ કહે છે, ‘અશ્રદ્ધયા હુતં દત્તં તપસ્તપ્તં કૃત ચ યત્।’ ‘શ્રધ્ધા વિના કરાયેલા હવન, દાન, તપ કે જે કંઈ કરો તે અસત્ ગણાય.’ તે આ લોક કે પરલોકમાં ઉપયોગી થતું નથી. પોતાની જાતમાં વિશ્વાસ ઊભો કરી પ્રયત્ન કરવાથી ગમે તેવું કઠિન કર્મ સહજ બને છે. ‘હું માર્ગ શોધી કાઢીશ અથવા નવો માર્ગ કંડારીશ’ તેવી આત્મશ્રદ્ધા હોય તો કર્મ શ્રેષ્ઠતા પામે. બાકી બાહ્ય દેખાવો, ભભકાથી થતાં કર્મો ખોખલાં લાગે. આપણી શ્રધ્ધા જ કર્મની સફળતા માટે વિશ્વાસ પ્રેરે છે. શ્રધ્ધા વિનાના થતાં કામોમાં કશી ભલીવાર હોતી નથી.

**ભક્તિભાવે કરાતાં કર્મો**

ભક્તિભાવે કર્મ કરવું એટલે પ્રભુ પ્રીત્યાર્થે કર્મ કરવું. કર્મના કર્તા તરીકેના આપણા અહંકારનો ત્યાગ કરવો. કર્મની સફળતા-નિષ્ફળતામાં સમભાવ રાખી તે ફળ પ્રભુના ચરણોમાં સમર્પિત કરવું. આમ થાય તો કર્મ દિવ્યતા પામે. તમારા ટેબલ પર બેસો ત્યારે પ્રભુના મંદિરમાં બેઠા છો તેમ માની સારા-નરસા તમામ કામો સમભાવે કરો. એમ કરવાથી તમારું કામ તમને જશ અપાવશે. દુષ્કર કાર્ય સુકર થશે. શ્રધ્ધા અને ભક્તિથી થતાં કર્મની તોલે અન્ય કશું ન આવે. ઋષિ આપણને આપણા દૈનિક જીવનમાં રોજ-બ-રોજનાં કામોમાં ચોકસાઈ, ચીવટાઈ, ધીરજ, વિચારણા, નિયમિતતા ઈત્યાદિ જે ગુણો જોઈએ તે માટે માત્ર ત્રણ શબ્દો આપે છે : જે કંઈ કર્મ કરો તે ‘વિદ્યયા, શ્રધ્ધયા, ઉપનિષદયા’ અર્થાત્ જ્ઞાનપૂર્વક, શ્રધ્ધાપૂર્વક, ભક્તિપૂર્વક કરો ને કામોમાં સફળતા પામો.